પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૦ | ૨૯ જુલાઈ, ૨૦૨૩, શનિવાર; અધિક શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારત વિશ્વનું 'શાનદાર કંડક્ટર' સાબિત થશે : મોદી

## યહી સમય હૈ, સહી સમય હૈ, સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું વૈશ્વિક હબ બનવા ભારત તૈયાર : એક વર્ષમાં પ્રશ્ન બદલાયો : સેમિ કંડક્ટર ક્ષેત્રે ભારતમાં રોકાણ શા માટે? ના બદલે હવે 'ભારતમાં રોકાણ શા માટે નહીં?'નું ચિંતન થાય છે : મોદી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે બીજી સેમિકોન ઈન્ડિયા-૨૦૨૩નો પ્રારંભ કરાવતા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દૃઢ વિશ્વાસ સાથે જણાવ્યું કે સેમિકંડક્ટરના નિર્માણક્ષેત્રે ભારત ગ્લોબલ હબ બનવા સંપૂર્ણપણે તૈયાર છે. ભારત સેમિકંડક્ટર ક્ષેત્રનું પાવર કંડક્ટર સાબિત થશે. વર્તમાન સમય ચોથી વૈશ્વિક ઔદ્યોગિક ક્રાંતિનો સમય છે, જેનું નેતૃત્વ કરવા ભારત સજ્જ છે. ભારતના યુવાનો મહત્ત્વાકાંક્ષી છે, સાથોસાથ તેઓ પોતાની વૈશ્વિક જવાબદારી સમજીને મેક ફોર ઈન્ડિયાની સાથે મેક ફોર ધ વર્લ્ડના સૂત્રને અનુરૂપ વિકાસ કરી રહ્યા છે. ભારતમાં રોકાણ કરનારાઓને બમણા કે ત્રણ ગણા વળતરની ખાતરી આપતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે ભારત સાથે પોતાનાં સપનાઓ અને અપેક્ષાઓ જોડીને ભરોસો મૂકનારાઓને આ દેશ ક્યારેય નિરાશ કરતો નથી.







આ પ્રસંગે સેમિકંડક્ટર ક્ષેત્રની વિશ્વની દિગ્ગજ કંપનીઓના વડાઓ તેમજ પ્રતિનિધિઓને આવકારતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે આજથી એક વર્ષ પહેલાં યોજાયેલી પ્રથમ સેમિકોન ઈન્ડિયા સમિટમાં ભારતમાં સેમિકંડક્ટર ક્ષેત્રે રોકાણ શા માટે કરવું? એ પ્રશ્ન પર વિશદ ચર્ચાઓ થઈ હતી, પરંતુ આજે એક વર્ષ પછી ભારતીય યુવાનોની મહત્ત્વાકાંક્ષાઓના પરિણામ સ્વરૂપ આ પ્રશ્ન બદલાઈ ગયો છે અને આજે 'ભારતમાં રોકાણ શા માટે ન કરવું?' એ પ્રશ્ન પર ચિંતન કરવામાં આવી રહ્યું છે.

આ મુદ્દાની છણાવટ કરતાં વડાપ્રધાનશ્રીએ મૂરના નિયમ(ર્સી'જ ન્દ્રૃ)નું ઉદાહરણ આપીને કહ્યું કે ભારતે પણ ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. તેમણે કહ્યું કે ૨૧મી સદી એ ભારત માટે અવસરોની સદી છે. વિશ્વની આ સૌથી મોટી લોકશાહી તરીકે અહીં સ્કિલ્ડ ફોર્સ છે. ડેમોક્રેસી, ડેમોગ્રાફી થકી મળતા ડિવિડન્ડથી અહીં રોકાણ કરનારાનો બિઝનેસ બમણો-ત્રણ ગણો થશે.

તેમણે ઉમેર્યું કે આજે ગ્લોબલ ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં ભારતનું યોગદાન અનેક ગણું વધ્યુ

● અનુસંધાન પાન-૭ પર

# જુલાઈ ઈતિહાસમાં વિશ્વમાં સૌથી ગરમ મહિનો રહ્યો

## વિશ્વના ઠંડા રહેતા વિસ્તારો પણ ગરમીની ચપેટમાં : ઉત્તર અમેરિકા, ચીન અને યુરોપ જેવા દેશોમાં ઓછી ગરમીવાળા વિસ્તારોમાં ખરાબ હાલત, વૈજ્ઞાનિકો ચિંતામાં

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હી-એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટા ભાગના વિસ્તારોમાં ઘણી વખત જુલાઈ મહિના સુધી ભારે ગરમીનો અનુભવ થતો જોવા મળ્યો છે પરંતુ આ વખતે ખાસ આ વિસ્તારોમાં ભારે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો નથી પરંતુ આ વખતે વિશ્વના ઠંડા રહેતા વિસ્તારોને આ ભારે ગરમીની ઝપેટમાં આવી ગયા છે. જેના કારણે આ વર્ષે જુલાઈ મહિનો અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી ગરમ રહ્યો છે. આ મહિનો પૂરો હજુ પૂરો નથી થયો પરંતુ તે પહેલા જ તેને અત્યાર સુધીની સૌથી ગરમ જુલાઈની ઉપાધી મળી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# મણિપુરમાં હજુ ભારેલો અગ્નિ

## મણિપુરમાં ઉગ્રવાદીઓના ફાયરિંગમાં એક જવાન શહીદ, ચાર નાગરિકો ઘાયલ : કેન્દ્ર સરકાર અને બિરેન સરકાર ઉગ્રવાદીઓ સામે સંપૂર્ણપણે લાચાર, સેનાએ એએફએસપીએની માંગ કરી

ઈમ્ફાલ, તા.૨૮

દેશનું પુર્વોતર રાજ્ય મણિપુરમાં કુકી અને મૈતેઈ સમાજ વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. આ હિંસાને લીધે રાજ્યમાં ૩૫ હજારથી વધુ સૈનિકો તૈનાત કરવામાં આવ્યા છે તેમ છતાં ઘણા વિસ્તારોમાં સ્થિતિ બેકાબુ બની જાય છે અને નિયમિત અંતરે ગોળીબારના અવાજ સંભળાય છે. આ હિંસા વચ્ચે બિષ્ણુપુરમાં ઉગ્રવાદીઓએ ફરીથી અંધાધૂધ ગોળીબાર કર્યો હતો જેમા એક જવાન શહીદ થયો છે. આ સિવાય બે સમુદાયો વચ્ચે થયેલા ફાયરિંગમાં ચાર લોકો ઘાયલ થયાના સમાચાર સામે આવી ગયા છે.

મણિપુરમાં સ્થિતિમાં સુધારો આવી રહ્યો હતો ત્યા જ ૧૯મી જુલાઈની સાંજે એક ટોળા દ્વારા બે મહિલાઓને નગ્ન કરીને પરેડ કરાવવાનો વીડિયો વાયરલ થયો હતો. આ ઘટના બાદ ફરી સ્થિતિ બગડવા લાગી છે ત્યારબાદ ઉગ્રવાદીઓના એક જૂથે ચુરાચંદપુરના તોરબુંગ બજાર વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૦ ખાલી મકાનો અને એક શાળાને આગ લગાવી દીધી હતી. પોલીસે જણાવ્યું હતું કે મહિલાઓ ઉગ્રવાદીઓના ટોળાની સામે ચાલી રહી હતી, જેનાથી એવું લાગી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ ગુજરાતમાં સાંબેલાધાર વરસાદ : સુરતના મહુવામાં ૧૧ ઈંચ

## ૨૪ કલાકમાં નવસારી તાલુકામાં ૧૦.૬ ઈંચ વરસાદ નોંધાયો છે, આ સિવાય ડાંગના સુબિરમાં ૭.૭ ઈંચ, સુરતના બારડોલીમાં ૭.૬ ઈંચ, નવસારીના જલાલપોરમાં ૭.૩ ઈંચ વરસાદ ખાબક્યો

સુરત, તા.૨૮

ગુજરાતમાં વરસાદના ત્રીજા રાઉન્ડ બાદ વિરામ લીધો હતો પરંતુ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે. દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, ડાંગ, વલસાડ તાપી સહિતના ભાગોમાં રાત્રે ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. નદીઓના જળસ્તરમાં વધારો થયો છે. આ સિવાય ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. નવસારી-સુરત કોસ્ટલ હાઈવે તથા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. ૨૪ કલાક (૨૭મી જુલાઈના સવારના ૬ વાગ્યાથી ૨૮મીના સવારના ૬ વાગ્યા સુધી)માં રાજ્યના ૧૩૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધારે વરસાદ દક્ષિણ ગુજરાતમાં નોંધાયો છે. સુરતના મહુવામાં ૧૧.૮ ઈંચ તોફાની વરસાદ થયો છે.



મોડી રાત્રે પણ કેટલાક ભાગોમાં થયેલા ભારે વરસાદના કારણે સ્થિતિ કપરી બની છે. આ સિવાય દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદ નોંધાયો છે. ૨૪ કલાકમાં નવસારી તાલુકામાં ૧૦.૬ ઈંચ વરસાદ નોંધાયો છે.

આ સિવાય ડાંગના સુબિરમાં ૭.૭ ઈંચ, સુરતના બારડોલીમાં ૭.૬ ઈંચ, નવસારીના જલાલપોરમાં ૭.૩ ઈંચ વરસાદ ખાબક્યો છે. વલસાડના કપરાડામાં ૭.૧ ઈંચ વરસાદ નોંધાયો છે. પૂર્ણા નદી ભયનજક સપાટીની ઉપર વહી રહી છે જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાની ઘટના બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે અને હાલ તે પાણી તેની ઉપર વહી રહી છે.

# કંપનીઓ વિદેશી સ્ટોક એક્સચેન્જ પર સીધી લિસ્ટેડ થઈ શકશે

નવી દિલ્હી, તા.૨૮

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે ફરી ભારતીયોને મોટી ભેટ આપી છે. જો તમે પણ ભારતમાં બિઝનેસ કરી રહ્યા છો અને પોતાની કંપની છે તો તમારા માટે સરકારે મોટો નિર્ણય લીધો છે. સીતારમણે કહ્યું કે, ભારતીય કંપનીઓ હવે વિદેશી સ્ટોક એક્સચેન્જ ઉપરાંત અમદાવાદમાં આવેલી ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર (આઈએફએસસી) પર સીધી લિસ્ટેડ થઈ શકશે.

● અનુસંધાન પાન-૭ પર

# ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ ગગનયાન મિશનની તૈયારી શરુ

## સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું સફળ પરીક્ષણ : ઈસરો દ્વારા ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણ કક્ષામાં મોકલાશે

બેંગલુરૂ, તા.૨૮

ઈસરોએ ચંદ્રયાન-૩ના સફળ લોન્ચ બાદ હવે ગગનયાન મિશનની તૈયારી શરુ કરી દીધી છે. આ મિશન માટે ગઈકાલે ઈસરોએ સર્વિસ મોડ્યુલ પ્રોપલ્શન સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ૪૪૦ ન્યૂટન થ્રસ્ટ સાથે પાંચ લિક્વિડ એપોજી મોટર્સ (એલએએમ) અને ૧૦૦ ન્યૂટન થ્રસ્ટ સાથે ૧૬ રિએક્શન કંટ્રોલ સિસ્ટમ (આરસીએસ) થ્રસ્ટર્સનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

ગગનયાન પ્રોજેક્ટમાં ત્રણ સભ્યોની ટીમને ત્રણ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને ત્યારબાદ તેને ભારતીય પ્રાદેશિક જળસીમામાં સુરક્ષિત રીતે પૃથ્વી પર ઉતારવામાં આવશે. આ મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે. આ મિશન માટે અવકાશયાત્રીઓની પસંદગી કરવાનું કામ ભારતીય વાયુસેનાને આપવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ પછી ઈસરોનું ગગનયાન મિશન ઘણી રીતે ભારત માટે ખાસ હશે.

ઈસરોઆ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
32g પ્રોટીન
₹64* / 1 L
અમૂલ ગોલ્ડ
500 mL: ₹ 32* | 16g પ્રોટીન
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055 / 56 / 57.
Amul The Taste of India

SCAI SUPERSPECIALITY HOSPITALS | MBG TRUST
છાતીમાં દુખાવો હૃદય રોગનો મોટો હુમલો હોઈ શકે છે.
હૃદય રોગ?
હવે અમદાવાદ દોડી જવાની જરૂર નથી...
- ગાંધીનગરમાં તથા ઉત્તર ગુજરાતમાં પ્રથમવાર હૃદય રોગના સચોટ નિદાન અને અદ્યતન,સઘન સારવાર માટે સંપૂર્ણ સુવિધાથી સજ્જ હોસ્પિટલ
- હવે એન્જીઓ પ્લાસ્ટી ( હૃદય રોગ માટે સ્ટેન્ટની જરૂર) કરતાં પહેલાં IVUS (દૂરબીન)થી તપાસ ખૂબ જરૂરી છે. જે SCAI માં કરાય છે.
- એન્જીઓ પ્લાસ્ટી કર્યા પછી 3D મોડલમાં સ્ટેન્ટ બરાબર - મુકાયો છે કે નહિ એનું પ્રમાણ મેળવવું ખૂબ જ જરૂરી છે અને એ અહીં OCT દ્વારા જોઈ શકાય છે.
- હૃદયના સંપૂર્ણ નિદાન તથા એની સમયસર, સઘન અને અદ્યતન સારવાર માટે હવે ગાંધીનગરમાં ઉપલબ્ધ છે ગુજરાતની આધુનિક હોસ્પિટલોમાંની એક.....
- BYPASS SURGERY AVAILABLE
Scan for Location
+91 79 2991 5200
SCAI SUPERSPECIALITY HOSPITALS PRIVATE LIMITED,
001/002 Ground Floor, Corporate Unit, Siddhraj Z2, Near SCAI Hospitals Circle, Kudasan, Gandhinagar, Gujarat-382421, India.